વૈવિધ્ય

# પ્રભાવશાળી એન્ટ્રન્સ આપે છે ઘરને ભવ્ય લુક



જ્યારે કોઈ મહેમાન તમારા ઘરે આવે છે ત્યારે તે સૌ પ્રથમ એન્ટ્રન્સ જુએ છે. તમારા ઘરની ઈમેજ બનાવવામાં એન્ટ્રન્સ મોટો ફાળો આપે છે. તેનો લુક અને તમારો સ્પેશલ ટચ ઘરને પ્રભાવશાળી બનાવે છે એટલે જો તમે કોઈને પહેલેથી જ ઈમ્પ્રેસ કરવા માંગતાં હો તો તમારા ઘરનું એન્ટ્રન્સ ભવ્ય અને સાથે સાથે આત્મીય રાખો. અહીં જોઈશું એન્ટ્રન્સ માટેની વિવિધ પ્રકારની ડીઝાઈન...

## ભવ્ય પ્રવેશદ્વાર

ઘરના એન્ટ્રન્સમાં મુખ્ય કેન્દ્રબિંદુ ઘરનું પ્રવેશદ્વાર હોય છે એટલે તે હંમેશાં ચોખ્ખું રાખવું તથા ભવ્ય અને પ્રભાવશાળી પસંદ કરવું જોઈએ. તેના માટે સુંદર કોતરણીવાળા મજબૂત લાકડાના દરવાજાની પસંદગી કરી શકાય. આ પ્રકારના દરવાજા એન્ટ્રન્સ માટે ઘણા પ્રચલિત છે.

## સ્ટેટમેન્ટ લાઈટીંગ

ઘરના એન્ટ્રન્સને પ્રભાવશાળી બનાવવા માટે પૂરતી રોશની આપી શકે તેવી લાઈટનો ઉપયોગ કરી શકાય. તે સાથે લાઈટીંગમાં રચનાત્મકતા પણ ઉમેરો. સુંદર ઝુમ્મર, દીવાલના સ્કોન્સ અથવા પેંડન્ટ લાઈટનો પણ ઉપયોગ કરી શકાય. તેનાથી એન્ટ્રન્સ સમૃદ્ધ અને આત્મીય લાગે છે.

## સુંદર બેઠક

તમારા મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવા માટે વિવિધ પ્રકારની બેઠક વ્યવસ્થા પણ ઊભી કરી શકાય. ગાદીવળી બેંચ અથવા ફેશનેબલ ખુરશીઓ મહેમાનોને ફક્ત બેસવા માટે જ નહિ પરંતુ પગરખાં ઉતારવા માટે પણ બેસવાની જગ્યા પૂરી પાડે છે.



## ડેકોરેટીવ વોલ આર્ટ અથવા ફોટો ફ્રેમ્સ

ઘરની આભા પ્રભાવશાળી બનાવવા માટે એન્ટ્રન્સની દીવાલ પર સુંદર કલાકૃતિવાળું વોલપીસ મૂકી શકાય અથવા અરીસાઓથી પણ સુશોભિત કરી શકાય.

તમારી જીવનશૈલીને પ્રતિબિંબિત કરતું અથવા ઘરના થીમને પ્રતિબિંબિત કરતું વોલ આર્ટ મૂકી શકાય અથવા પર્સનલ ટચ આપવા માટે તમારા ફેમિલી ફોટોઝ પણ મૂકી શકાય.

અને વોલ પેપર ડિઝાઈન કરી વધુ ડેકોરેટીવ પણ કરી શકાય.

## વાઈબ્રન્ટ એન્ટ્રીવે રંગ

ઘરના મુખ્ય દ્વાર પાસે મૂકેલું વાઈબ્રન્ટ કલરનું રંગ કોઈનું પણ તરત ધ્યાન ખેંચી શકે છે. પ્રવેશ કરતાંની સાથે જ પગ લૂછવાના કામમાં આવવાની સાથે સાથે આ રગનાં પારંપરિક રંગ અને ડીઝાઈન તમારા એન્ટ્રન્સને સુંદર લુક આપવામાં મદદ કરે છે.

## હરિયાળીથી સજાવો

તમારા ઘરના એન્ટ્રન્સને હરિયાળીથી સજાવો. તેનાથી વાતાવરણ જીવંત લાગશે અને ઘરમાં ઠંડક પણ થશે. તેના માટે કૂંડામાં ઉગાડી શકાય તેવા છોડ મૂકી શકાય. જેનાથી એન્ટ્રન્સ આકર્ષક લાગશે.



## પરંપરાગત ભારતીય લુક

તમારા ઘરના એન્ટ્રન્સની સજાવટમાં પરંપરાગત ભારતીય એલીમેન્ટ્સનો ઉપયોગ કરી શકાય જેમ કે, એન્ટ્રન્સ પાસે ભારતીય સંસ્કૃતિના વારસા સમાન કોતરણીવાળા લાકડાનું ફર્નિચર કે પિત્તળનું વોલપીસ મૂકી શકાય. આ ઉપરાંત, બેઠક પર રંગબેરંગી કપડાના સિલ્કના કવરવાળા તકિયા મૂકીને સુશોભિત કરી શકાય.

## સ્ટાઇલીશ સ્ટોરેજ સોલ્યુશન

તમારા એન્ટ્રન્સને સુઘડ અને વ્યવસ્થિત રાખવા માટે ત્યાં સ્ટાઈલીશ કેબિનેટ, બાસ્કેટ અને દીવાલ પર લગાવાતા શેલ્ફ્સનો ઉપયોગ કરી શકાય.

વ્યવસ્થિત સ્ટોરેજ બનાવવામાં આવ્યું હોય તો તમારા પગરખાં, છત્રી, ચાવીઓ તેમાં જ અન્ય મહત્ત્વની વસ્તુઓ વ્યવસ્થિત મૂકી શકાય અને વળી એન્ટ્રન્સ તેનાથી આકર્ષક પણ લાગે છે.